Marriage Collection
LadyForm
(A.C. Show Room)
ડ્રેસ, ઈન્ડો વેસ્ટર્ન, પાર્ટી ગાઉન,
કુર્તીની વિશાળ શ્રેણી....
કિડ્ઝ વેરની પણ વિશાળ શ્રેણી....
Mayfair Road, Anand - 388001. Ph. +91 2692-255107
Website : www.ladyform.in • E-mail : inquiry@ladyform.in

email : nayapadkar@gmail.com (માત્ર જાહેરાત માટે)
email : samacharsathi@gmail.com (માત્ર સમાચાર માટે)

સત્ય માટે, સહુની સાથે

નયા પડકાર

R.N.I. Reg. No. 43431/84 P.O. Regd. No. G/AND/39/2018-20 email : nayapadkar@gmail.com website : nayapadkar.in

નંબરવાળા પ્રીસ્ક્રીપ્શન
ડાર્ક સનગ્લાસીસ....
... તમારી મનપસંદ બ્રાન્ડ
તથા શેડ્સમાં ઉપલબ્ધ
ચશ્માઘર
મ્યુનીસીપલ હોસ્પિટલ સામે,
સ્ટેશન રોડ, આણંદ
ચિત્રાંગના કોમ્પલેક્ષ,
આણંદ – વિદ્યાનગર રોડ, આણંદ

વર્ષ : ૩૩ અંક ૩૦૪, ૧૩ જાન્યુઆરી ૨૦૧૮ શનિવાર પોષ વદ ૧૨ વિક્રમ સંવત ૨૦૭૪ મુદ્રક પ્રકાશક મેનેજિંગ તંત્રી : દીપકભાઈ પટેલ, ગુજરાત સાથી પ્રકાશન પ્રા.લિ. સાથી એસ્ટેટ, આણંદ *Published from ANAND* ટેલિફોન નં. ૨૫૨૮૪૦,૨૫૩૪૪૦ ફેક્સ ૨૪૦૧૧૪ કિંમત : ૧ રૂ. પાનાં : ૮

સુપ્રીમના ચાર જજોએ ન્યાયતંત્ર ઉપર ગંભીર આરોપ લગાવ્યા

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત ચાર જજ મિડિયા સામે : સુપ્રીમ કોર્ટના ચાર જજોએ મામલાઓની ફાળવણી સહિત મુદ્દે ચીફ જસ્ટિસ દિપક મિશ્રા પર અનેક પ્રશ્નો ઉઠાવ્યા : દેશના કાયદાકીય વર્તુળોમાં ખળભળાટ

નવીદિલ્હી,તા. ૧૨

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટના ચાર જજે આજે મિડિયાની સામે આવીને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દિપક મિશ્રાની વહીવટી કાર્ય કુશળતા અને કાર્યશૈલી ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. અભૂતપૂર્વ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટના ચાર જજે પત્રકાર પરિષદ યોજી હતી અને દેશના કાયદાકીય સમુદાયમાં ખળભળાટ મચાવી દીધો હતો. પત્રકાર પરિષદ બાદ ચારેય જજ દ્વારા એક પત્ર જારી કરવામાં આવ્યો હતો જેમાં ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ જજોના કહેવા મુજબ તેઓએ પત્ર ચીફ જસ્ટિસને લખ્યો હતો. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને સંબોધીને સાત પાનાના પત્રમાં જજોએ કેટલાક મામલામાં એસાઈન્ટમેન્ટને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. જજોના આક્ષેપ છે કે, ચીફ જસ્ટિસ તરફથી કેટલાક મામલોઓને પસંદગી બેંચ અને જજને જ આપવામાં આવી રહ્યા હતા. ચિંતા અને દુખ છે જેથી આ પત્ર લખવામાં આવ્યો છે. પત્ર મારફતે મામલાને દર્શાવવામાં આવે તેવી વાત આમા કરવામાં આવી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, તાજેતરના સમયમાં જે આદેશ આપવામાં આવ્યા છે તેના કારણે ન્યાયિક પ્રક્રિયા ઉપર પ્રતિકુળ અસર થઈ છે. સાથે સાથે સીજેઆઈની ઓફિસ અને હાઈકોર્ટના તંત્ર ઉપર પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. યોગ્ય સિદ્ધાંતો પાળવામાં આવે અને સીજેઆઈ ઉપર પણ આ નિયમો

અનુસંધાન પાન ૨ ઉપર

સુપ્રીમ કોર્ટના ચાર જજોએ પ્રેસ કોન્ફરસ યોજી મુખ્ય ન્યાયાધીશ પર ગંભીર આરોપો કર્યા હતા.

જજોના આરોપ અને પત્ર બાદ મોદીની કાયદામંત્રી સાથે ચર્ચા

નવીદિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચાર જજ તરફથી પત્રકાર પરિષદ યોજીને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા પર ગંભીરપ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા બાદ આને લઈને ભારે હોબાળો થઈ ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર પણ હચમચી ઉઠી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના આ પગલા બાદ વડાપ્રધાન મોદીએ તરત જ કાયદામંત્રી રવિશંકર પ્રસાદ સાથે ફોન પર વાત કરી હતી. આ મામલામાં સરકારને

અનુસંધાન પાન ૨ ઉપર

સુપ્રીમ કોર્ટનો આંતરિક મામલો છે અને સરકાર કોઈ પક્ષ તરીકે નહીં હોવાનું સરકારનું વલણ

સાત પાનાના પત્રમાં ગંભીરપ્રકારના આક્ષેપો

ચીફ જસ્ટિસ દિપક મિશ્રાની કાર્યશૈલી પર પ્રશ્ન ઉઠાવાયા

નવીદિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને ચાર જજ હવે આમને સામને આવી ગયા છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દિપક મિશ્રાની કાર્યશૈલી ઉપર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. સાત પાનાનો પત્ર લખીને કેટલાક મામલાઓની ફાળવણીને લઈને પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આ મામલો આગામી દિવસોમાં પણ ભારે હોબાળો મચાવે તેવી શક્યતા છે. પત્રમાં એવો આક્ષેપ પણ કરાયો છે કે, ચીફ જસ્ટિસ તરફથી કેટલાક

અનુસંધાન પાન ૨ ઉપર

ઈસરોએ ઈતિહાસ રચ્યો : ૩૧ ઉપગ્રહ એકસાથે લોન્ચ કર્યા

પીએસએલવી-સી૪૦ કાર્ટોસેટ-૨ સિરિઝના ઉપગ્રહ મિશન માટે ૨૮ કલાક સુધી ઉંડી ગણતરી બાદ સવારે લોંચ : જુદા જુદા દેશોના ઉપગ્રહો પણ લોંચ

શ્રીહરીકોટા,તા. ૧૨

અંતરિક્ષના ક્ષેત્રમાં વિશ્વમાં ડંકો વગાડનાર અને તમામ રિકોર્ડ પોતાના નામ પર કરનાર ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો)એ આજે નવો ઈતિહાસ સર્જ્યો હતો. ઈસરોએ ૧૦૦મો ઉપગ્રહ લોંચ કર્યો હતો. ઈસરોએ એક સાથે ૩૧ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ચેન્નાઈથી ૧૧૦ કિલોમીટરના અંતરે સ્થિત શ્રીહરિકોટ અંતરિક્ષ કેન્દ્રથી આ તમામ ઉપગ્રહો લોંચ કરવામાં આવ્યા હતા. પીએસએલવી-સી૪૦એ સવારે ૯.૨૮ વાગે ઐતિહાસિક ઉડાણ ભરી હતી. અંતરિક્ષ કેન્દ્રના પ્રથમ લોંચપેડથી ૪૪.૪ મીટર લાંબા રોકેટે ઉડાણ ભરી હતી. ઈસરોએ જૂન ૨૦૧૭ સુધી ૨૭૮ સેટેલાઈટ લોંચ કર્યા હતા. ગયા વર્ષે સ્પેશમાં ૧૦૪ સેટેલાઈટ મોકલવાનો રેકોર્ડ પણ સર્જવામાં આવ્યો હતો. પીએસએલવી-સી૩૭ મારફતે આ તમામ ઉપગ્રહો છોડવામાં આવ્યા હતા. ઈસરોની તરફથી પીએસએલવી સી-૪૦ રોકેટ મારફતે લોંચ કરવામાં આવેલા ૩૧ સેટેલાઈટ પૈકી ૨૮ વિદેશી અને ૬ણ સ્વદેશી ઉપગ્રહ છે. વિદેશી સેટેલાઈટની વાત કરવામાં આવે તો કેનેડા, ફિનલેન્ડ, ફ્રાન્સ, દક્ષિણ કોરિયા, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે. પીએસએલવી - સી ૪૦ મારફતે કુલ ૧૩૨૩ કિલોના સેટેલાઈટ લોંચ કરવામાં આવ્યા હતા. જેમાં કાર્ટોસેટ-૨નુ વજન ૭૧૦ કિલોગ્રામ હોવાનુ જાણવા મળ્યુ છે. જ્યારે બાકીના ૩૦ સેટેલાઈટનુ વજન ૬૧૩ કિલો હોવાનુ જાણવા મળ્યુ છે. અગાઉ ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન અથવા તો ઈસરો દ્વારા પીએસએલવી-સી૪૦ કાર્ટોસેટ-૨ સેટેલાઈટ મિશન માટે કાઉન્ટડાઉનની શરૂઆત કરવામાં આવી હતી. ૨૮ કલાક સુધી કાઉન્ટડાઉન ચાલ્યુ હતુ. ગઈકાલે સવારે ૫.૨૯ વાગે કાઉન્ટડાઉનની શરૂઆત થઈ હતી. ઈસરોની વેબસાઈટ ઉપર આજે આ

અનુસંધાન પાન ૨ ઉપર

અચૂક નિહાળો
એગ્રોટેક
AGROTECH કૃષિમેળા
કૃષિમેળો
આધુનિક કૃષિ ટેકનોલોજી પ્રદર્શન
તા. ૨૦ થી ૨૩ જાન્યુઆરી
આણંદ ઉમા ભવન પાછળ
બોરસદ ચોકડી પાસે
સ્ટોલ બુકીંગ માટે સંપર્ક
વી.જી. એગ્રોટેક, રાજકોટ ૯૪૦૮૪ ૮૮૭૭૦

આંતરરાષ્ટ્રીય સર્વેમાં વડાપ્રધાન મોદી ત્રીજા સ્થાને, ટ્રંપ, શીને પાછળ પાડયા

નવીદિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દાવોસમાં વિશ્વ આર્થિક મંચની બેઠકમાં ભાગ લેતા પહેલા જ તેમની લોકપ્રિયતાનો એક વધુ રેકોર્ડ કાયમ થયો છે. વડાપ્રધાન મોદીને એક આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણમાં દુનિયાના ટોચના ત્રણ નેતાઓમાં સામેલ કરવામાં આવ્યા છે. ગેલપ આંતરરાષ્ટ્રીય સંસ્થાને ૫૦ દેશોમાં લોકોને પુછવામાં આવેલ વિવિધ સવાલોના આધાર પર પોતાના વાર્ષિક સર્વેક્ષણમાં વડાપ્રધાન મોદીને વિશ્વ નેતાઓના સર્વેક્ષણમાં ત્રીજા નંબર પર રાખવામાં આવ્યા છે.

ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મૈક્રો પહેલા અને જર્મનીના ચાંસલર આંગેલા મર્કેલને આ સર્વેક્ષણમાં બીજા સ્થાન પર રાખવામાં આવ્યા છે. મૈક્રોને ૨૧. મર્કેલને ૨૦ અને મોદીને ૮ અંક આપવામાં આવ્યા છે. ગેલપ અનુસાર આ સર્વેક્ષણ માટે ૫૩.૭૬૯ લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો. પ્રત્યેક દેશથી પ્રતિનિધિત્વ તરીકે ૧૦૦૦ લોકોને આમને સામને, ઓનલાઈન અથવા તો ફોન દ્વારા આ સર્વે કરવામાં આવ્યું. સર્વે માટે ફિલ્ડ વર્ક ઓકટોબરથી ડિસેમ્બર ૨૦૧૭માં કરવામાં આવ્યું હતું.

આ સર્વે એવા સમયે કરવામાં આવ્યું છે જયારે મોદી ૨૨ જાન્યુઆરીએ દાવોસમાં બેઠકમાં

અનુસંધાન પાન ૨ ઉપર

સાધારણ કેદી જેવો વ્યવહાર કરવા સામે લાલુની જજને ફરિયાદ

રાંચી,તા.૧૨

રાજકીય કેદીઓને સામાન્ય રીતે જેલમાં કેટલીક સુવિધાો આપવામાં આવે છે. કદાચ જેલ પ્રશાસનની જ ઉદારતા ચારા કૌભાંડના મામલામાં દોષિત લાલુ પ્રસાદ યાદવની સાથે જોવા મળી રહી નથી. રાંચી જેલમાં બંધ લાલુ પ્રસાદને એક સાધારણ કેદીની જેમ રહેવું પડી રહ્યું છે. આ અંગેની ફરિયાદ ખુદ લાલુ પ્રસાદે સીબીઆઈના વિશેષ જજને કરી છે. એ યાદ રહે કે આ પહેલા બુધવારે જ લાલુના બે સેવાદારોને પણ જેલમાંથી મુકત કરવામાં આવ્યા હતાં. જે ખોટા મામલા હેઠળ જેલમાં આવ્યા હતાં.

લાલુ પ્રસાદ જયારે દુમકા ખજાના મામલામાં સુનાવણી દરમિયાન હાજર થયા ત્યારે તેમના ચહેરા પર સાની કોઈ પણ ચિંતા

અનુસંધાન પાન ૨ ઉપર

STRENGTH IS LIFE WEAKNESS IS DEATH
"Strength is Life, Weakness is Death"
સ્વામી વિવેકાનંદ જયંતિ પ્રસંગે ચેન્નાઈમાં સ્વામી વિવેકાનંદની વેશભૂષામાં બાળકો.

ગુજરાતમાં વિવાદિત પદ્માવત રિલીઝ નહીં થાય : રૂપાણી

અમદાવાદ,તા.૧૨

સંજય લીલા ભણશાલીની બહુચર્ચિત અને વિવાદીત ફિલ્મ પદ્માવત તા.૨૫મી જાન્યુઆરીએ રિલીઝ થવાની અટકળો ચાલી રહી છે ત્યારે શ્રી રાજપૂત કરણી સેનાએ ગુજરાત સહિત દેશભરમાં ફિલ્મ રિલીઝ નહી કરવા સાફ ચીમકી આપી છે અને જનતા કરફયુનું એલાન આપ્યું છે. બીજીબાજુ, રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ફરી એકવાર સ્પષ્ટ કર્યું હતું કે, ગુજરાત રાજયમાં વિવાદીત પદ્માવત ફિલ્મ રિલીઝ કરવા દેવામાં નહી આવે. વિધાનસભા ચૂંટણી પહેલાં ગત નવેમ્બર માસમાં રાજય સરકાર દ્વારા આ ફિલ્મની રિલીઝ પર જે પ્રતિબંધ મૂકાયો હતો, તે યથાવત્ રહેશે. પદ્માવત ફિલ્મના રાજપૂત સમાજના ઉગ્ર વિરોધ વચ્ચે ગુજરાત સરકારે તેનું વલણ સ્પષ્ટ કરી દેતાં શ્રી રાજપૂત કરણી સેનાને ગુજરાત પૂરતી બહુ મોટી રાહત મળી છે.

અનુસંધાન પાન ૨ ઉપર

લગ્ન વિષયક
ચરોતર લેઉઆ પાટીદાર USA ગ્રીનકાર્ડ ધરાવતા ૫૮ વર્ષના વિધુર માટે નિઃસંતાન ઉ.વર્ષ ૪૨ થી ૫૨ સુધીની મહિલાએ સંપર્ક કરવો. વિધવા સ્વીકાર્ય.
નયા પડકાર
પોસ્ટ બોક્ષ નં.: ૩૫૦

ચાલો પક્ષીઓ બચાવીએ - પુણ્ય કમાઈએ
પક્ષીઓ ખોરાક માટે સવારે ૬ થી ૯ અને સાંજે ૫ થી ૭ ઉડતા હોય છે માટે આ સમય દરમિયાન પતંગ ન ઉડાવીએ
ઉડતા પતંગના દોરામાં આ પક્ષી ઝપટાય ત્યારે મોટા ભાગે તેને પાંખમાં અને ગળામાં દોરી ઘસાતા, લોહી-લુહાણ થાય છે. ક્યારેક સ્થળ પર જ મૃત્યુ પામે છે. ઘાયલ પક્ષીને વધુ ઈજા ન પહોંચે તે રીતે પ્લાસ્ટીકના કાગળ વતી અથવા કપડા વડે હાથેથી પ્લાસ્ટીકની ડોલ કે પૂંઠાના બોક્ષમાં મૂકીને નીચેના સ્થળે પહોંચાડો. તાલુકા સરકારી પશુ દવાખાનું અથવા
આણંદ વેટરનરી કોલેજ
સર્જરી વિભાગ
વિદ્યા ડેરી રોડ, બોરસદ ચોકડી, આણંદ
ઉત્તરાયણ મોબાઈલ એમ્બુલન્સ ટાઉન હોલ પાસે, આણંદ
કાયમી ૩૬૫ દિવસ
:: જીવદયા હેલ્પ લાઈન નંબર ::
આણંદ વલ્લભ વિદ્યાનગર માટે
૯૫૩૭૭૭૮૦૦૦, ૯૪૨૮૯૪૭૨૧૩,
૯૪૨૮૯૪૭૨૧૪, ૯૪૦૯૨૧૪૩૯૭
શ્રી સર્વધર્મ જીવદયા સંઘ, ૫૦૨, કિશોર પ્લાઝા,
સ્ટેશન રોડ, આણંદ
અને
આણંદ એનીમલ હેલ્પલાઈન પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રૂપ, આણંદ

લગ્ન વિષયક
જાન્યુઆરી બીજા વીકમાં ટૂંક સમય માટે આવેલ ગામ નડિયાદ US Citizen યુવતી ઉંમર ૨૮ વર્ષ, ઊંચાઈ ૫'-૬'' B.Pharm, MS (Chem) માટે છ ગામના સંસ્કારી, ઉચ્ચ અભ્યાસવાળા યુવકોએ સંપૂર્ણ બાયોડેટા અને જન્માક્ષર સાથે સંપર્ક કરવો.
M. 8849450344, 9879509867

લગ્ન વિષયક
જાન્યુઆરીના બીજા વીકમાં આવનાર ચરોતર મોટી સતાવીસ લેઉઆ પટેલ આણંદના બ્રીટીશ સીટીઝનશીપ ધરાવતા ઉંમર ૨૯ વર્ષ, ઊંચાઈ ૫'૭'' ફાર્મસી ડીસ્પેન્સીંગ થયેલ નિર્દોષ ડીવોર્સી યુવક માટે શૈક્ષણિક સંસ્કારી યુવતીના વાલીઓએ બાયોડેટા ફોટો સાથે સંપર્ક આવકાર્ય છે. ગોળબાધ નથી.
પ્રવીણભાઈ નરોત્તમભાઈ પટેલ
C/o. ૩૧, સી.એમ.હાઉસ, સ્વામિનારાયણ સોસાયટી,
સરદાર ગંજ પાછળ, આણંદ

TATA
TATA MOTORS
રૂ.૫૦૦૦/- ડાઉન પેમેન્ટ ભરી ગાડીના માલિક બનો
100% લોન ઓન રોડ
આ ઓફર ટીયાગો, ટીગોર અને નેક્સોન પર ઉપલબ્ધ
નોર્મલ લોન પેપર ઉપર કોઈ પણ એક લોન પૂરી કરેલ હોવી જોઈએ / ચાલુ હોવી જોઈએ.
NEXON TIAGO TIGOR
પાનકાર્ડ / આધારકાર્ડ / ચુટણીકાર્ડ
છ મહિનાનું બેંક સ્ટેટમેન્ટ
અલ્પેશ મોટર્સ TATA
ઓવરબ્રીજ પાસે, શીવલીંગ મીલ સામે, વાસદ-બોરસદ રોડ, વાસદ
તા.જી. આણંદ. હેલ્પ લાઈન નં. : ૯૮૯૮૦ ૪૫૫૪૦, ૯૮૭૩૬ ૪૦૪૪૪
ઓથોરાઈઝ ડીલર્સ : પ્રોગ્રેસીવ કાર પ્રા.લી. મો. ૯૦૫૪૪ ૦૦૪૪૪